ધી ગેઇટી કલબ.

કુટુંબો માટે કરવામાં આવેલા ખાશ
મેલાવડામાં સભાસદો તરફથી
ગવાયલાં ગાયણો,

તથા

તે પ્રસંગે સભાસદોએ ભજી બતાવેલો ફાર્સ નામે,

"ભુલો પડેલો ભોમભઈ."

છપાવી પ્રગટ કરનાર
ઉપલી કલબના માલેકો.

મુંબઈ
ગ્રેટ પ્રીંટીંગ પ્રેસ,
મ્યુએલ હાઇમ પ્રીંટરે છાપ્યો છે.

૧૮૮૧

જાહેર ખબરો.

“ધી ગેઇટી કલબ.”

આ કલબ ઘણા નાંમિલા પાયાપર આજ ૪ ૭ માસની વાતપર સ્થાપવામાં આવી, ને હાલ તેમાં ૮૫ મેમબરો છે. એ કલબમાં ગાવણના શોકીનોને ગાતાં વગાડતાં શીખવવામાં આવે છે, ને તે ઉપરાંત એ અભ્યાસ નહીં કરવાની ખાહેસ રાખનારા ગ્રહસ્થો માટે એક વર્ગ એલાહેદો રાખ્યો છે. માસીક ફી કીફાયત છે. ઉમેદવારોએ મેનેજરને થાકોરદવારના રસ્તા ઉપરનાં કલબનાં મકાંનમાં મળવાથી વધુ ખુલાસો આપવામાં આવશે. ૭૬૯-૨

ધી ગેઇટી કલબની “હારમોનીયમ ટાઉ અને દીલરૂબાની ગાઇડ” એ વાજીંત્રો બી વગર શીક્ષકે શીખી શકાય એવી સંપુર્ણ છે. તેનો ૧ ભાગ છપાઇ બાહેર પડ્યો છે, ને કીમત ઘણ નજીવી રાખી છે.—રૂ૦૧.

એ ગાઇડનો ૨ જો ભાગ છપાય છે. કીમત: ગ્રાહકોનાં નામ કલબનાં મકાંનમાં નોંધવામાં આ

ધી ગેઇટી કલબ.

કુટુંબો માટે કરવામાં આવેલા ખાશ
મેલાવડામાં સભાસદો તરફથી
ગવાયલાં ગાયણો,

તથા

તે પ્રસંગે સભાસદોએ ભજી બતાવેલો ફાર્સ નામે,

"ભુલો પડેલો ભીમભાઈ."

છપાવી પ્રગટ કરનાર

ઉપલી કલબના માલેકો.

મુંબઈ

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ,

૧૮૯૧.

૪૫૩૩

ધી ગેઇટી કલબ

(?)ફથી કુટુંબો માટે કરવામાં આવેલા ખાશ મેલાવડા આગલ ગવાયલાં ગાયણો.

બેહાગ ખ્યાળ.

આજ મુબારક, મુબારકબાદીઆ;
એહો ઈયઝદાં, આજ મુબારક !
શાહદી રામશની ને ખુશી ખુશાલી !
સાહેબ બક્ષો સઉને હમેશની—એહો ઈયઝદાં.
પુત્રોની થાજો વરધી ને રહેજો ખુશાળ,
ધન દોલત ને માલ ખજાનો બક્ષો હર સાલ:-એહો !
"ગેઇટી કલબ"ના મેમબરો તરફની
દોઆ આમીન હોજો ખરા ઝીગરની—એહો !

ઠુમરી—કાહાન્ડો.

ઘર જાંને દે, છાંડ મોરી બૈયાં,
આહાહા કરત, તોરે પૈયાં પડત હું—જાનેદે.
અગર દગરકે લોકવા શુનત,
ચરચા કરત બીજ નારી,
જાવોજી જાવોજી નહીં તો
ખાવો ગાલીઆં,
મોહનશે રુગ રહીઓ—ઘર જાંનેદે.

ગરબી.

સખીં આઇરે ઉમડ ગુમડ ઘર આઈ,
કાલી કાલી શુરત ઘર છાઇ.
શખી પીયુ પીયુરે પીઆકી કરે ચતુરાઇ
તું તો જોબનવાલી નારી—ટેક.

ઝુલ.

તું તો જોબનવાલી નારીરે,
તુંને પેહેની ગુલાબી સારીરે,
જુવો કેવી છે નખરાંવાલીરે,
કાંઇ કામીને જોબન તણી બલીહારી
તું તો જંગલકી હલીઆરી— સખી આઇ

ભૈરવી—ગઝલ.

આશકકુ ડાગ દેતા હે દીલકા છુપાના કયા ભલા ?
મુજ બીચારે નાતવાં કા દીલ જલાના કયા ભલા ?—ટે.
હમ જો આએ થે સૈયાં દેખને કુ તુમારા શનમ,
એક નઝર દીખલાકે ફેર મુખરા છુપાના કયા ભલા?—આશક
બોસતામે જાકે બુલ બુલ ગુલસે કરતી હે પુકાર,
દાંમે ઉલફતશે મેરે દીલકુ ફશાના કયા ભલા ?—આશક
આરઝુ કરતે હે **શરફોદીન** તુમારા અએ શનમ,
મેહેરબાં હોકે ફેર લો દુશમન હો જાના કયા ભલા ?—આશક

ભરથારીનો ખ્યાલ.

છોટી રંગીત, લાવણી.

થા શતવંતી રાની રાજા ભરથરકુ લીનો ગલે લગાવ
સુનપતી પ્યારે શીકાર, ખેલને દીશા ભિતર મત જાવ.
છત્રપતી માહારાજ સ્ત્રી આકે કહેને લગી અએશા બીચાર
બીલમ ન લાગે હુકુમકે સાથ કીયે ઘોડે તેયાર.
જીન શોનેરી થા ઘોડે પે ઓર ગેણાયા જરકસીદાર
શવાર હોકે ચલે જંગલકી તરફ ખેલને શીકાર.

ઝુલ.

ચરતે હીરન બીયા બાનમે રાજા કે જદ આયે નઝર
એક થા મીર્ગ કાલા લી શમશીર જા પોંચે ખીંચકર
શબ હીરની મીલ રાજાસે લગી યું શમજાએ કર
મારો મીર્ગ દશ પાંચ કાલે મીર્ગ પર ઘાવ મત-કર

ગઝલ.

સબ હીરની મીલ રાજાશે ઈયું અરઝ ગુઝારી
વો સરદાર હમારા હમી શબ હૈ ઉનકી નારી.
ના ફરીયાદ સુની રાજાને ના માની લાચારી
શમશીર ખીંચ રાજાને ઉસ મીર્ગકુ મારી

લાવણી.

જીશ બખ્ત મીરગને તનશે પ્રાન ગુમાયા
શબ મીરગ નારીને રોરોકે શોર મચાયા.
હુઈ ક્યામત ઉનપે ઓર ગમકા છાયા
બે દરદી રાજા તુજે તરશ નહીં આયા.

છોટી રંગત.

શ્રાપ દીઆ રાજા ભરથકું, તેરી નારી વીધવા હો જાવ
શુન પતી પ્યારે, શીકાર ખેલને દીશા ઉત્તર મત જાવ.
માર મીરગ લે ચલે રાજાજી, આયે ગુરૂ ગોરગકે તીર
દેખ મીરગકુ, નાથાજી બોત હુવે દીલમે દીલગીર.
સજીવન કરલો નાથજી મીર્ગકુ માફ કરો મેરી તકસીર
ચેલા કર લો છોડકે રાજપાટ મેં બનું ફકીર.

માંડ.

મારી જીની કેશલો—ટેક

દેવલમાંની પુતલી, કાંઈ બાલે ગગુળનો ધુપ
ઢંગવનાની અસ્તરીનાં શું કરે રંગ રૂપ—મારી
પહેલે કુવે મેં ભરૂં પાણી રાજા બીજે કુવેપની હાર
કીસ મુવેકી નઝર લગી મોરા ઘુંઘટ ખુલ ખુલ જાય—મારી
દીલ્હીને દરવાજે રાજા શીકાર ખેલવા જાય.
ચાતુર હોએ તો ચેતજો કાંઈ મુરખ ગોટાં ખાય—મારી

ઠુમરી જીલ્લો ખમાચ.

બીન પીઆ જી આ કેસે સમજાવું રે,
પીઆ મીલેતો મેં બળ બળ જાવું રે—ટેક
દાદુર મોરે પપઇઆ બોલે
કોએલકી કુકસુન ઉઠીરે
એ દુખવા મોસેસયો ન જાએ
પાંખ જો હોએ તોમે કેશે
ઉડજાવું રે.—બીન પીઆ.

માંડ

અગા નેનીરા ઢોળા સેજા કયું નચાલો જી નારાજ
પ્રીત કરતાં બોત શુખ ઔર, છોડતાં બોત દુઃખ હોએ
નગર ઢંડેરા ફેરવું જે, પ્રીત ન કરસો કોય—ટેક.
અંતર કપટી મુખ મીઠા નામ પ્રીતકો લે
લ્યાનત એશે દોસ્તકું, કે દગા મીત્રકુ દે—અગાને નીરા
દુનીઆ હચે દો રોઝકી, ઈશપે મત કર ગુમાન
સો બરશ ઘ્યા સાઠજી અંતે મોત નીધ્યાન—અગાને નીરા

પીલું ત્રીલાણા.

ઓદાની દીમતાની તદારે તદરેદાની
નાદરદેરે તનદેરે તન તદેરેના—ટેક
દીર દીર તોમ દીર દીરતોમ
તન ન ન ન ન ન ન ન
દીમદીમ તાની તદારે તદારે દાની.
નાદરદેરે તનદેરે તન તદેરેના—ઓદાની.

ભૈરવી શારગમ.

નીસાગમ ધપ, ની ધપ મગરેસા—ટેક

સારેગ, રેગમ, ગમપ, મપધ, પધની, ધનીસા
સા, ની, ધ, પ, મ, ગ, રે, સા— નીસાગમ
ધપ ધનીસા નીસા, સાની સાગરેની ધપ,
ધધપ, ધપમ, પમગ, મગરેસા—નીસાગમ.

ગઝલ.

જલવહ જો ઉશને દેખાયા મેરાજી જાનતા હૈ
ફેર ખુદાઇ નઝર આઈ મેરા જી જાનતા હૈ—ટેક.
મેં ખતાવર હું ખત કયુ કર લીખું સાહેબ.
જયશા લોકોને સેખાયા મેરાજી જાનતા હૈ—જળ
કૌન કહેતા હૈં તેરે એશ્કમે અનજાન રહા.
જીતેજી તુંને જલાયા મેરા જી જાનતા હૈ—જળવાહજો
અએ ઝફર ઉશ ગુલે ખંદાંકી મહબ્બત તુજકુ
દમ બ દમ ઉશને સતાયા મેરાજી જાનતા હૈ—જળવહ.

ભૈરવી દાદરો.

પીઆ પ્યારા ન જાગે—મે જગાએ હરીરે
ઈદર બહે ગંગા, ઉદર બહે કાશીરે—ટેક
બોલી બોલે ચીરઈયાંરે બીજ બા સીરે!

શેર.

મરદોકી મરદી ઔર શખીયોકી ખયેરાત
ઈશ દુનિઆશે જો ગયે, ખાલી ઉનકા હાથ—જગાએ હરી

એસે સોએ શૈયાં જાગત નહી રે
રેન બીત ગઈ સારીરે—મે જગાએ હરીરે—પીઆ પ્યારા

શેર.

દાતા દાતા મર ગયે, રહે ગયે મકીચુશ
લેના દેના કુચ નહી લડને મે મજબુત—જગાએ હરીરે

ભુલો પડેલો ભીમભઇ!

એક રમુજી ફાર્સ.

(ઇંગ્રેજી ઉપરથી ઘણાક ફેરફારો સમેત)

એક અંકમાં

રચનાર

બહમનજી નવરોજજી કાબરાજી,

"બેહેરા બેહેલાકાકા," "સુખલાજીનાં સંકટો!"
ઇત્યાદીના કરતા.

મુંબઇ
ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ,
સેમ્યુએલ હાઇમ પ્રીંટરે છાપ્યો છે.

૧૮૯૧

આ પ્રાસં ગેઈટી ક્લબના માલેકોની મતા છે, વાસ્તે
તેમની પરવાંનગી વીના કોઈએ તે
બજી બતાવવો નહીં.

દીબાચો.

વારતાઓ, નાટકો અને ફાર્સોનાં ગુજરાતી પુસ્તકોની મોટી ટીપ જે દર વરસ લંબાતી જાય છે તે માટે ગુજરાતી વાંચનારી શોકીન પ્રજાનો હું અગત કરીને ઉપકારી છું. આજ તુલકમાં જુદી જુદી વારતાઓ, નાટકો અને ફાર્સોનાં મલી નાધલાં મોટાં નજદીક દોઢ દજન મારાં પુસ્તકો પરવરતાએલાં છે, ને તે બધાં શોકીન પ્રજાની પસંદગીને પાત્ર નીવડયાં છે તેની સાહદતમાં તેના સેહંકડો વાંચનારાઓનાં વગર માંગવે લખાઇ આવેલાં સાચ્ચાં અને સ્વતંત્ર મતોની સીફારસો માંહેલી ઘણીક મારા પાસ સચવાએલી મોજુદ છે.

તેજ પસંદગીની હરોલમાં આ મારો નવો ફાર્સ તખ્તા ઉપર રજુ થતો અને ચોપડી આકારે બાહેર પડેલો આમેજ થવા પામશે એવી ઉમેદ સાથે હું તે શોકીન પ્રજાને અર્પણ કરૂં છું. એ ફાર્સ અતરેની ગેઇટી કલબે કરવા ધારેલા કુટુંબો માટેના મેલાવડાને વાસ્તે મેં ખાશ લખ્યો છે, અને તે કલબના માલેકોએ તેનો હક ખરીદી લઈ તે તમાસગીરોની સગવડને સર છાપી પ્રગટ કરયો છે.

અતરેની "રીપન મ્યુઝીક કલબ" સાથના વરસો તુલકના મારા સંબંધ દરમ્યાન કુટુંબો માટે સર અવસરના એવા ગમત આપનારા મેલાવડાઓ કરાવામાં મારી મોસ્કીન આગેવાની અને હીમાયત જારી હતી, અને ત્યારે તે કલબને માટે સંસારી રમુજી ફાર્સો જેવા કે "બેહેરા બેહેલાકાકા," "સુખલાલજીના સંકટો"—વીગેરે મેં લખ્યા હતા; તેજ કીસમનો આ એક ફાર્સ બી તે આગલા ફાર્સ પેઠે ઈંગ્રેજી ઉપરથી પુશકલ ફેરફારો સાથે મેં ઉપજાવી

કાઢયો છે, અને તે આગલા ફારસો જેટલોજ જો ફતેહમંદ નીવડશે તો હું ખુશી થઇશ.

આ ફારસમાં ભાશાનું ખુંન (તમામ અશુદ્ધપણું) તો ડગલે ડગલે ને ઢગલે ઢગલે જોવામાં આવશે, પણ વાંચનારે કૃપા કરી ધ્યાંનમાં રાખવું કે ધરેધર વપરાતી ચાલુ એબારતમાંજ એ ફારસની રમુજ રજુ કરવાની મતલબથી મેં એ અશુધ્ધપણું જાંણી જોઈને ચાલવા દીધું છે.

એપ્રીલ ૧૮૯૧. } બ૦ ન૦ કાબરાજી,
રચનાર

પાત્ર.

લીમજી............... એક મધ્યમ સ્થીતીનો પારસી
ભીમજી............... તેનો એક છોકરો પડોસી.
કાવલો............... લીમજીનો ચાકર
નાજાં............... લીમજીની બાયડી.

સ્થલ—મુંબઈ.

વખત—ચાલુ.

ભુલો પડેલો ભીમભઈ!

એક અંકી ફાર્સ.

પ્રવેશ ૧ લો.

[ભીમજી લશ્કરીનાં ઘેરનું એક આરાસ્તે દીવાનખાનું. વચમાં એક બીજા ઓરડાનું બારણું. દીવાનખાનામાં ખુરસી, ટેબલ, રાકીંગ ચેર, કબાટ, ફ્લાવર વાસીસ, વિગેરેના. નાજાં એકલી નારાજ રૂપે ગાતી દાખલ થાય છે.—રાતનો વખત. ટેબલ ઉપર એક શોભાએમાન લાઈટ બલે છે.]

ગાયણ.

મલે બદકાર જેને ભરથાર,
બલે સંસાર તણો તે નાર,
જલે ઘરબાર-ન દુઃખના પાહાર
ટલે લગાર ને આવે પાર !
ભમે હરદમ ગમે તે ગમ
ખુરો ભરથાર બની મકકમ,
ગમે ઘરમાં ભરે નાર દમ
પુકારીને સેતમ ! સેતમ !
અગર જફા વગર વફા
ગુજારો પરણી નારીપર,
મગર કફા થશે ખુદા,
વરસશે કેહેર તમારીપર !

(ગાયણ પુરૂં થતાં ઘડઆલ વાગે છે, અને નાજાં એકથી ૧૨ સુધી ટકોરા ગણે છે.)

નાજાં - (એખલી) મરેરે, આનણે બાર વાગા, તોબી હજુર મારા માતીદાનું ઘેરમાં આવવાનું ઠેકાણું નહીં મલે!–હવે એ જુલમ તે કેમ ખમાએ! લોકોના માતીદાઓ કેવા સાણુ શોગતના ને દાહયા દોહોરા થઇને સાત આંઠ વાગામાં ઘેરમાં આવીને ઘોંટાએચ, ને અહી તો દસ પર બાર ને બાર પર બે વાગેચ, પણ એવણનું ઘેરમો આવવાનું ઠેકાણું નહી મલે. ઓ લીમ, લીમ, તમારામાં જો એ એક એબ નહી હોએ કેની તો તમે સુનાના ગણાઓ, પણ તમારી એક એ મોટી એબથી મારે મનસે મારો બધો પન્યો સંસાર રદ બાતલ છે. (થોએ છે.) હવે આજે વરી કોણ જાણે શું તાલ લગાવસે ને લેતા આવસે. રોજ જારે મોરા આવે ને હું ખભરૂં, તારે 'તેરા કુતા મેરી કોહારી લાયા' તેમ કંઈ ને કંઈ નવું ઓથું બાહાણું છે ને છેજ! કોઇ દાહારે કેહે કે જે (અનકાથી) દોસ્તદારે થોબારયો. કોઇ દાહારે કેહે કે જે (અનકાથી) આબાસમાં લેટ થયું, ને ગઇ દીવારીની ચાંદરાતે તો કેહે કે જે ખલાસી ચકલાપર આગ લાગી તેમાં પોલીસે આગનો એક બુંબો ચલાવા પકરીને રોકયો! (તુચ્છકારથી) મુવા કેહેતા દેવાના ને સુનતા બી દેવાના! પોલીસનાં માણસો ને મુવા મજુરોનો દાટ વરી ગીયો કેની તે એવણને બુંબા દાબવા પકરયા! વરી બીજે દાહારે આગનો પેપરમાં રીપોર્ટ બીપોર્ટ તો કંઇ આયો નહીં, ને તેથી તે વીશે મેં પુછ્યું ત્યારે કેહેજે એ તો એવા તેવા વીમાવારાઓએ પેપરવારાઓપર વગ ચલાવીને રીપોટ દાબી દીધો! (ગોસ્સાથી) પણ હું બી તો ખરી કે હવે એ જાતના ઢોંગ ધતુરા ચાલવા દેવાનીજ નથી. એવણ આજે આવે ને હું સાફ નોટીસ આપી મેલું કે એવાં ચરત ચલાવાના હોએ ને અરધી અરધી રાત વેર એમ રોજ

બાહાર નાચવા નદરવાના હોએ, તો હું મારે મારાં માએ-ને ઘેર જઇને રેહેવસ પછી એવણ છે ને એવણનું ઘેર છે. એઉ જાએ જાહાનમમો જોઈએ તો. (ચીરડાયલી બેસે છે.—કાવલો આવે છે.) કાંએ કાવલા?

કાવલો—(ઉંઘના બગાસાં ખાતો) બાઈ હાબ, હેટ તો હજુન નીહ આવેલા, ને મને તો બાપા ઉંઘ આવે. હેઠે મને હાપ કહી મેલેલું કે જો બારનો થોકો થતાં હુધીમાં હું નીહ આવી લાગું તો બાહારની દાદર બારીને તારૂં લગાવી છાની તું તારે જઇને હુઈ જજે, તેમ મેં કરી મેલેલું. હવે હેટ આવહે તીવારે એઓ પાહે જે ફાજલ કુંચી છે તીને કરીને અંદર આવી જહે.

નાજાં—ઠીક છે, કાવલા, તું તારે જા, ને સુઈ જા. (કાવલો જવા કરે છે.) ને જો, આજે તેં દાદર બારીને બાહારથી તારૂં મારયું તે મારયું, પણ હવે કાલથી આપુને તેમ કરવું નથી. (ગુસ્સાથી) કાલથી હવે એવણ મોરેથી ઘેરમાં આવે તો મારે એવણને ઘેરમાં લેવાજ નથી, ને તેથી એવણ તે દુપલીકેટ કુંચીનો ઉપયોગ કરી શકે તેવું તાલું કાલથી તારે દાદર બારીને મારવુંજ નથી.

કાવલો—તે તો હત્તાનાંનું હુન્તુ બાઈને કેહું જે. (બાજુએ) હલાનાહનો ગીએલો રોજ બાર બાર વાગા હુધી બાહાર ભટકે, ને એ લાટ હાબ ઘેર આવે તાં હુધી મારે એની નોકરીમાં જાગતું પરે, તે એવી જો કાંઈ બં-દોબહતી થાય તો કાહર જાએ! (મોટે) પણ બાઇ એ એમ તમે હું કરવા જાગીને આએ તારા જેવી તમારી આખને જાંખી કરતાં દેહું? અરે જઈને પોહોરી જાઓરે પોહોરી જાઓ! એ તો રોજનું લાગું ને ભવનું લાગું!

નાજાં—નહીં, કાવલા, આજે મારે સુતુંજ નથી. તારો સેઠ ભરૂસેથી જારી ઉંધારી ઘેરમાં આવીને ઘોંટઈ જાએ, ને પછી કાલે વરી જારે કેહું ત્યારે હું તો ઘણો સકકારો આયોતો, કરી મને જુઠી પારે, તેથી આજે રાત ને રાતજ મારે તો એ રોજના ફેસ્તાનો નીકાલ લાવવો છે. તું તારે જા, ને સુઇ જા.

કાવલો—બહુ હારૂં, બાઇ. (બાજુએ) તેરે આજે હેટનું આવી બએનું ખરૂં! આએ પોરીને જે વારૂં આવેલું તે ઓલ્યો આવહે તેવો બોચીમાંથી તેને બાચકો ભરહે! (જતો રેહે છે.)

નાજાં—(એખલી—બલાપાથી) બચારો આએ ગરીબ ગામરયો જેવો બી મારી દયા ખાએચ ત્યારે સું મારા લીમજી જેવા ભમાતુ ભરથારોને મારા જેવી કમનસીબ અબલાઓની દયાજ નહીં આવતી હોસે? (થોબે છે.) મને ઉંઘના જોંકાપર જોંકા આવેચ, પણ માહરે તેવણનાં આવ્યા વગર ઘોટાતુંજ નથી, તો લાવ પેલી કાવલાની કાંહાંણી અધુરી છે તે લઇ બેસું, કે તેમાં ચીત લાગે તો ઉંઘ ઉડી જાય.

[ટેબલ આગલ વાંચવા બેસે છે.—બીજી બાજુથી ભીમ હાથમાં બુટ લઈને ધીમે રહીને દાખલ થાય છે.]

ભીમ—(સેહેજ લટરપટર–મનસે) અંદર આયા તો ખરા! રાન ઉંઘઇ ગેઇ હોય તો ઘણું સારૂં, નહીં તો છ મોહલ્લા જગારસે! ઉંઘાયેલી હોય ને રખે પાછી જાગી ઉઠે તેથી તો સેહેતાન દાબો કરવા આએ પગમાંના પેટાવા દાદરપરથીજ કારીને હાથમાં લીધાં, ને અરગ અરગ ઉપર ચહરી આયો! રાન મારી જરીના જેવી જુહાક ને ફલાંટ બઇરીઓથી તો ખોદા પહના રાખે!

(જુસ્સાથી) ધની મુઈનો કંઈ થોરો જુલમ છે? જરા બે પાંચ દોસ્તો સાથે કલબમાં રાનનો મુજરો હોએ, ને બેઠા, તો કેહેસે જે 'બસ તમે મોરાજ કાંએ આયા?' હું: (ખીજાજથી) જાંણે એના બાપના ઘંઉ ખાધાચ! (જરા થોભીને) સારૂં છે જે બાહેરની દાદરબારીનાં તારાંની આએ દુપલીકેટ કુચી મારી પાસે છે. (બતાવે છે.) નખ્ખોદ ગીયાં તારાંમાં કુંચી ફરતાં અવાજ કરેચ કેની તોબી રાન બાબરા ભુતની કાની ઉઠેચ, તેથી આજે આપરે સું કીધું? સહવારે બાજ્ઞમાં ખુબ તહરીસે ઘાસ લાઈટ (સુધારીને) અરે સાલીડ તેલ રગરયું, ને તેમાં હમણા પછી વરી ખુબ તહરીસે આએ કુંચી મચમચાવી અલકસેથી તારૂ ઉઘારયું, ને ઉંદર મામાની કાની બંદા ઘેરમાં ભરઈ ગીયા! (હસે છે.) હવે ગુપચુપ જઈને એ જાગે નહીં તેમ ખોલ્યાપર ગોટું મારી જાંઉ, પછી કાલ છે ને સાહેબ છે. સહવારે કેહેસે જે તમે તો મોરેથી આયા, ત્યારે સાંભો એને હુંજ ગરે પરસ કે હું તો દસ વાગામાં આયો, પણ તું આઠ વાગામાં—(નાજાંને જોએ છે ને ચોંકે છે.) મારયા ઠાર! એનાંનાં તો કેહાં હજી લાઈબેરીમાં જાગતાં બેઠેલાં છે! હવે ધરતીકપ થવાનો ખરો! (વીચાર કરીને) પણ ત્યારે હવે વરી તાલ સું લગાવસ? દોસ્તદારનો બાપ મરી ગીયો તેથી સચકાર કરાવા રોકાતો. એમ કહું? નહીં, એમ તો ઘણી વખત કેહુંચ તે હવે કંઈ માનસે નહી. ત્યારે આગ લાગી તે જોવા ઉભો કેહું? નહીં, તે બી બાહાણું હવે તો એટલું જુનું ખખ થઈ ગીયું કે સાંભરતાં એના રાનના કાન બી અંદરથી પાકી આયા હોશે! (વીચાર કરે છે) ત્યારે આજે કંઇ જુરીનું નારયું ફેંકુ? હા, તે ઠીક પરસે. કેહેવસ કે મેદાંનમાંના કુંવામાં કોઈ ઘેલો પારસી પરયો—

તો તેની જુરીમાં કનસટેબલે મને તો પકરીને બેસારયો! (જવા કરે છે) પણ એ રાન તરત કેહેવાની કે રાતે તો કોઈ જુરી ભરતાજ નથી, તેનું કેમ? (વીચાર કરીને) અરે તેનું સું થયું? કેહવસ કે મને તો કારોનર જુરી હાઉસમાં આખી રાત પહરેજ કરતોતો, પણ ઘણાં પગ પાણી ને લાંચ રૂસવતથી જેમ તેમ છટકી આયો. (હસીને) હા, હા, એ ઓથું વરી આજની રાત તો ચાલસે. (આગલ જવા કરે છે, પણ ચોંકીને) ઓત તારી કેની! આએ કંઈ હું ધારતોતો તેમ મારી બઇરી નથી. એ તો કોઇ છે! (વધારે વાંકો વરી-જોઇને) અરે એ તો પેલા પાસેના ગારામાં રેહેનારા લીમજી લસ્કરીની બઇરી નાજાં દેખું! મને ખબર નહી કે મારી જરીએ એની સાથ સહીપણાં માંડેલા છે. પણ એ ઘણી મુઇ આવી મોરી રાત સુધી અહી બેસીને સું ધકેલા ખાયા કરેચ? જર કાંહાં ગેઇ હોસે? (આસપાસ જોએ છે.) પણ હવે તો તારે આએ પેતાવા પાછા પગમાં સેરવી લેવા જોઈસે, નહી તો એ રાન પરઈ બઇરી આએ 'જુના પરાના જોરા બુટ આપવાનાં છે બાઇસાઆબ!' જેવી હાલતમાં જોસે તો ઘેર જઇને સસવારે દાંડાં ગણુસે. (બસોને બુટ પહરે છે.)

નાજાં—(તેને જોઇને—મનસે) ઓ લેઓરે, આયા દેખું! બધી તઇયારી બાહારોબાહેર જઇને ઘોલયા પર ગોટું મારી જવાની છે, પણ હું તેમ થવા કેમ દેવસ? એ મને જોઈને અસમખારા કરવા માગેચ પણ હું અખારા થવા કેમ દેવસ?

ઉઠીને હરૂસેથી જઇને કાન ચોમટે છે.—ભીમ બુમ પાડી ઉઠે છે. નાજા તેને ઓળખીને ફજેત થઇ જાએ છે, ને ચીચારી પાડી ખસી જાએ છે.]

નાજાં—(ઘણી ગભરાએલી-મનસે) મરેરે, મેં શું કીધું? એને હું તો મારો લીમ સમજી, પણ એ તો કેહો પેલો

પાસેનો ભીમ ભમાતું છે! મરે, એ કાંહાંથી અહીં ફુટી નીકરયો? જાંહાં છે તાંહાં લીમ એને સાથે લેતો આવેલો છે, પણ ત્યારે લીમ પોતે કયાં ગયો? (ગભરાએ છે.)

ભીમ–(કાન ઘવડતો–મનમે) વાહ, એ સરસ! ઓરખાણ નહીં, પછાણ નહી ને મારે તાંહા પેહેલાં મુરતમાં આવતાં સાથ રાને મારો કાન એવો તો ચીમટયો કે પા કલાક થયો ચમચમાટ નરમ પરતો નથી (કાન દાબે છે.) કદાચ નવી ઓરખાણ પીછાણ થતાં એનાં ઘેરમો એ જાતનીજ સલામ સેકાનનો રાએતો હશે. (થોભીને) પણ બીચારી ફજેત થઈ ગએલી જણાએચ, તેથી મને તો લાગેચ કે એ મને પોતાનો લીમજી સમજીચ. એ કદાચ સમજી હોશે કે હું લીમને મારી સાથે લેતો આયો હોવસ, ને લીમ જાણીનેજ કાન ચીમટયો, તેથી હવે એને ઘણું ખસ્યાણું લાગતું જણાએચ. કંઈ વાત કરાવવી જોઈયે. (મોટે) કેમ છેઓજી? સારી પેકે તો ખરાં? કેટલો વખત ઉભાં રેહેસો?

નાજાં—(ટનકાથી) કંઇ નહીજી. (ખુરસી લે છે.)

ભીમ—એ ખુરસી ના લેઓજી. પેલી લેઓ, એ ખુરસી તો તમારા જેવી (સુધારીને) અરે મારા જેવી ખરયા ખરખર છે. (હસે છે.) ઘેર તમારૂંજ છે હો, ઓસંકાતાં ના. (પાસે બીજી ખુરસી લઇ બેસે છે

નાજાં—(બાજુએ) મુવો પીધેલો હોશે. પીધેલો હોયા વગર વરી એમ બોલે બી? મારૂં ઘેર તે વરી મારૂં નહી હોએ તો બીજાં કોણનું હોએ? મુવો નફટ, મારાં મોંનાપર ને મોનાંપર મારાં ફરનીચરને ખરયા ખરખર કેહેતાં બી સરમાતો નથી! પણ કોણ જાણે લીમજી કાહાં જઈને બરયો?

ભીમ—(મનસે) કોણ જાણે રાન જરી કાહ ભરઇ બેઠી.

નાજાં—(મનસે) લીમ કપરાં કાહરતો હોશે.

ભીમ—(મનસે) જરી રાનનીમાં ગેઇ હોશે.

નાજાં—(મનસે) પણ આવા મુવા કોઇ છાકટા ભાગટા માટીડા સાથે મને એખલી આએ ઓરડામાં એમ ઠંડે કલેજે બેસારી મુકતાં લીમને કંઇ સરમ નહીં આવતી હોશે ? (ચીરડાએ છે.)

ભીમ—(મનસે) પણ આવી કોઇ રાંન ચદણ ચેરી જેવી દુકતી સાથે હું અહી એખલો બેસીને ટપ કરયા કરૂંચ તેનો ઘણી મુઇ જરીને કંઇ અફ્શોસ બી નહી થતો હોશે ? (ચીરડાએ છે.) પણ રાન દીવાદાનડીની કાની બેસી રહીચ તે એઉને ફજેત પોગલી જેવું લાગેચ. કંઇ વાત કરાવવી જોઇએ. (માટે) આજ જરા કલબમાં મોરૂં થયું.

નાજાં—(મિજાજથી) કલબ ? કેઇ કલબ ?

ભીમ—પેલી પાંજરાંપોર આગલ ધમ્બા કલબ છેની તાંહાં તમારો સેવક મેમબર છે. (નમે છે.) તાંહાં બધા મારા જેવાઠોલ્યા છે. પણ મારી જરી આગલ એ કંઇ વાત કરતાં ના જો નહી તો તે કે ? રાન સારીને ઘટયો વારી ને છેક કલબ વેર મારો ફેસતો . કરવા આવશે. (હસે છે.) આજે કલબમાં ખરયાહોજરી ને કલેજીપુફનું તપીલું કરાવ્યુંતું, ને પેલી સકીનાંને નાચવા બોલાવીતી કેની તેથી જરા મોરૂં થયું.

નાજાં—(મીજાજથી) હોસે. (બાજુએ) મુવો છાંટાની બાહારમાં બધું પોતાનું પાપ કબુલ કરતો આવેચ

એ બી સારૂંજ છે. એ બધી વાતની બાતમી મલી ગઇચ તો હવે લીમની ફ્રેંડ પકરવા મને વધારે સગવર થસે, પણ લીમ હજી કાંહાં ગીયો? એને પુછું: (મોટે) ને જી તમારા દોસ્તદાર કાંહા છે?

ભીમ—દોસ્તદાર? ક્યો દોસ્તદાર? એવા મારા દોસ્તદાર કંઇ એક બે છે? અરે એવા ખાનપાન ને નાચ રંગના સોકીન સેવકના ફ્રેન્ડો તો ગણત્રીના ગણાએ નહી તેટલા છે, તાહારે તમે કોણને વરે પુછોચ?

નાજાં—જી હું તો (અનકાથી) તમારા પેલા નેક-નામ ફ્રેન્ડ જેવણુ હમણા તમારી સાથે ઘેર વેર આયા કેની તેવણુને વાસ્તે પુછુંચ, કે તેવણુને બી મજાબજા પરી કે?

ભીમ—(મનસે) હોએ તો પેસુ લાંબાને વાસ્તે પુછતી હોસે, કેમકે ઘેર વેર તો મારી સાથે તેજ આયોતો, ને ઓટલા આગલથી અમે છુટા પરયા તે એણે બારી-એથી જોયું હાશે. (મોટે) હો, તેવણુની મજાહતું પુછવું શું? સત્યાનાસ ગીયાએ ખાસ્સું અરધું તપીલું ખરયા હોજરી ને કલેજીગુર્દા દબાવી આપ્યા હોસે, ને દારૂ તો નાખી દેતાં, તમારા બાવાના સમ ખાઇને કેહુંચ કે, પોણી બાટલી કાચો બરાંનડીન એનાં પેટમાં ગીયો હોસે; પણ એવો ખાવરો ચાવરો છે પણ માણુસ સારૂં છે હો, દો-સ્તીને લાયકનોજ આદમી છે. સાથે બે ઘરી બેઠા હોઇએ કેની તો રમુજ ઘણી અપાવે. લેઓની દાખલા તરીકે, આજે સકીનાના નાચમાં કેરબો એણેજ લેવારયો, ને પતંગ બી એણેજ બજીદ થઇને ચકાવાની ફરજ પારી, બાકી બધા તો મીનના પુતલાંની કાની બેસી રહયાતા.

(હસે છે.)

નાજાં—(હાએ મારીને-મનસે) એ લીમ, લીમ, આએ તારી કેવી ફીટકાર લાયક ચાલ ! લેઆનત વરસજો તારી ઠગારી પનણી જીંદગીપર !

ભીમ—પણ નવાજબાઇજીને કેહું જે મને ને એ મારા ફ્રેનડને સકીનાના આખ્ખા નાચમાં ખરી મજાહ જે પરી કેની તે તો (ગાઇ સંભલાવીને) 'જરા જરા બોસો આપની દીલજાની' કરીને માહારની ઠુમરી ગવારી ત્યારે પરી જો.

નાજાં—(મનસે) લેઆનત પરી તારા જીવતરપર મુવા ચોર !

ભીમ—પણ ખોદાએને ખાતર તમે કાંઇ એ બધું પેલી મારી જરી આગલ વાસતાં ના જો, નહી તો ને તો ઘણી મુઇ સહવારં પરશે તે પેહેલાં માટ્રીમોન્યલ કોરટમાં તલાક માંગવા જસે, ને મારી આબરૂના કાંકરે કાંકરા થશે.

નાજાં—જોવોનીજી, જે ખરેખર આબરૂથી બીહે તે કંઇ તમારી કાની ચાલ નહી ચલાવે. ઘેરમાં પણની બઇરી બીચારી બેસીને તમારે વાસ્તે ઉજાગરાથી જુરે, ને તમે એવી નીચ ઓરતોના નજીસ નાચરંગ, ને એવાં હલકાં ખાનપાનમાં મજાહા લેઓ, એ કંઇ તમુને ને તમારી કીસમના મરદોને ઓછી સરમાવનારી વાત નથી.

ભીમ—(મનસે) મારયા ઠાર ! હું જાણું કે એ મારે મતની હોસે કરીને રાનને બધું જરા જરા કરીને વાસી આખ્યું, ને એણે તો સાંભરી સાંભરીને માથાપરના તાલકના બાલ બી ઘસાઇ જએ એવું એક ઘોંણું મારયું ! હવે વાત વીસરાવવી જોઇએ. (મોટે) હા, પણ નવાજબાઇજી કાંઇ દારૂબારૂ લેસો ?

નાજાં—જી હું છાકટપણાને ધીક્કારૂંચ. મારાં ઘેરમાં હું દારૂ લેતી બી નથી, ને કોઇને લેવા દેતી બી નથી.

ભીમ—વાજબી છે, બરહક છે, તમે તમારાં ઘેરમાં ગમે મોતીના ચોક પુરો તો મુખ્તયાર છેઓ, પણ હું તેમ મારાં ઘેરનો રાજા છેઉં. ને તેથી મારાં ઘેરમાં દારૂ વગર ચાલતું નથી. તમારા ભીમજી શેઠ બી અહી આવે તો ઘણું સારૂં.

નાજા—હું બી તેવણુનીજ વાટ જોઉંચ. જે ઘરી જાએચ તેમાં એવણ આગ્એ તરફ આવવા જોઇએ.

ભીમ—(મનસે) વાહા, વાત તો ખુબ બેહુદી! રાંન જરીએ તો ઘણુંજ માથું ઉચકેલું જાણાએચ! તે મનને ગમે તેમ પરાયા માતીડા ને પરાઇ બઇરીઓને ઘેરમાં બોલાવી મોરી રાત સુધી ઢીંગાણું મચાવતી દેખું, ને આપરે તો બોલ્યા ભાત જેવા પાંજરાંપોર આગલની પેલી ધબભા કલબની હવા ખાયા કરીએચ ને ઘેરની વાત કાંઇ જાણતા બી નહી દેખું. પણ તેરે ઘેરમો એમ પહરો-ણાંઓ આવેચ, ને છે ત્યારે બધું મુવાંના મસાંન જેતું? જરા લાઇટ તો વધારવી જોઇએ. (લાઇટ મોટી કરે છે.)

નાજાં—(ચોરડાઇને) અરે એ શું કરોચજી? (લાઇટ પાછી ધીમી કરે છે.)

ભીમ—અરે તમે કાંએ અમથાં બોસકાયા કરોચ જો, નવાજબાઇજી? (બાજુએ) પણ આએ લાંપ કાંઇ મારાવારો નથી! રાન જરી જેમ મનને ગમેચ તેમ નવું ફરનીચર વસાવતી જાએચ. એ બઇરી, મને ઉંધી પાઘરી પેહેરાવાંની થઇચ કે કેમ? (મોટે) ખોદાએ જાણે મારી જરી કાંએ હજી અહી આવતી નથી?

નાજાં--તમારી જરી ? કોણુ, તમારાં ધણુયાણી ?

ભીમ—જી હા.

નાજાં—(મનસે) વાહા એ ઘણું સરસ. આએતો એઅદબીની હદ થઈ. લીમને શું કંઇ સરમલાજ હોસેજ નહી, કે આવી મોરી રીતે આએ છાકટાને ઘેરમો લાયોચ તો લાયોચ, પણ વરી સાથે લાગી રાન તેની પેલી એબદસા જેવી બઇરીને બી બોલાવીચ.

ભીમ--મારી જરી હમણા અહી આવતી હોશે, પણ તેટલાં નાક સુકાએચ વાસ્તે આવો, આપરે જરા જરા ગરૂ ભીજવ્યે. આએ કબટમાં બ્રાનડીનની (જોઇને-મનસે) અરે તારી, વરી અહીંથી કબટ કાંહા જતી રહી ? રાન જરીના જીવને બી કંઇ હજાર પછારા છે ! બધું ફરનીચર નામે અછારપછાર ને ફેરબદલ કરયા કરેચ. કાંઇ જુનું કારીને નવું લેચ, ને વરી નવું બી એક ઠેકાને પાંચ પંદર મુકેચ કે પછી જાણે તેની તબીયત પાધરી નહી ચાલતી હોએ ને તેને હવા ફેરબદલ કરાવાની જરૂર હોએ તેમ ફેરવી ખસારીને બીજે ઠેકાણે લઇ જાએચ.

(કબટ આગલ જઈને ઉંઘારવાનાં ફાંફાં મારે છે.)

નાજાં—(મનસે) મરે હવે આએ જુલમ ને આએ નફટાઇ તે કેમ ખમાએ ? મુવો તો ચાલયો ચાલ્યો મારાં કબટખાના બી ખોરવા ને ભાંજવા ગીયો. (મોટે) મી૦ ભીમજીભાઇ—

ભીમ—તમારો તાબેદાર સેવક. (નમે છે, ને પાછો કબટ ઉઘાડવાનાં ફાંફાં મારે છે.) એ આએ કબટને તો કર દીધેલી છે ? (મનસે) કેટલું નીચપણું ! કેવી હલકાઇ ! દારૂ જેવી એક કમીની વસ્તુને કબટ ખાનામાં કર દેઇ પહરેજ કરવી એના જેવું ઘાતકીપણું બીજું શું હોએ ?

નાજાં—(ઘણુંજ ગુસ્સાથી—મનસે) બીમ ખામખા અહી આવવાના અખારા કરેચ તો હું જઇને જરા પુછુ તો ખરી કે આએ એબની તોકને ઘેરમો લાવવાનુ ને તેને હાથ મને એટલાં બધાં અપમાન અપાવાનું કારણ શું ?

(જતી રેહે છે.)

બીમ—(એકલો) દારૂવાલી કબટોને જો કર દીધેલી હોએ ને તે તમે કર ભાંજીને બી ઉંઘારો તો સરકાર માફ કરે, કેમજે તે કંઇ ચોરી નથી. (કબટ જોસ કરી ઉઘાડે છે ને ડીકાન્ડર કાઢે છે.) વાહુવા, આએ ડીકાનડર સહવારે આફીસમાં જવા પેહેલાં મેં જોઇ ત્યારે તન-ચથુરથાંઉંસ ભરેલી ઉતી, અને હમણા તે અરધી થઇ ગેઈ દેખું ! (વિચાર કરીને) કદાચ દારૂ બી ત્યારે આઇસની કાની પગલી જતો હોશે કે ઇસ્ટીમ થઇને ઉડી જતો હોશે ? ખોદા જાણે એ બાટલીમાં શું ખુબી છે કે ઘણાક લોકો એનો પીછો છોરતાંજ નથી. (પીએ છે.) પણ એવા છાકટાઓને વાસ્તે મને જરા માન નથી. (પીએ છે.) દારૂ પીઓ, ના કોણ કેહેચ જે નહી, પણ હદમાં—ગલાસ અરધું ગલાસ પીધો, નહી પીધો ને અખારા; એમ બા-ટલીની બાટલી ઓટી જવી (મોટે ગોટે પીએ છે.) તેના જેવું શરમ ભરેલું (પીએ છે.) મારે મનથી બીજું કંઇજ નથી. (પીએ છે.) તેથી તબીયતને નુકશાન છે, (પીએ છે.) તનદરોસ્તીની ખરાબી છે, (પીએ છે.) અને અ-જલને તે—તે—તેરૂં છે.

(પીએ છે ને બટરપટર થાએ છે. કાવસો આવે છે તેને જોઇને)

એ આએ કોણ ? કોઇ નવો ગામરચો રહચો દેખું. રાન જરી જોહાકના હાથ હેઠલ કોઇ માણસ ટકતું નથી. તે રાખવાવારી જેટલી નષ્ટ છે તેટલાજ એ રેહે-વાવારાઓ બી નષ્ટ હોવા જોઇએ, કેમકે ઘોબીના વા-

ગાની કાની મહીનામાં તન વખત મારે તાંહાં માણસો બદલાએચ. (હસે છે.)

કાવલો—(બાજુએ) આત તારી, એ આએ કોણ ઘેરમાં ઘુહી ગીએલો? હેટ કલબમાંથી કોઇને હાતે વરી લહરી લાવેલો કે હું? એનું હત્યાનાહા જાએ, હડીની જે વારે રાત પરે તે વારે મારા હેટને અહીં દીહ પરતી દેહું! હવે કેહે કે કાવલા બચ્ચા તું જાગ, ને કાવલા બચ્ચા તું કારી બનાવ ને કાવલા બચ્ચા—

ભીમ—(મનસે) ધરનો શેઠ હું છેઉં એમ એને તરત તતરાવીને એકદમ મારે જાહેર કરવું અથવા જણાવી દેવું જોઇએ. (રોબથી) ચાલ એમ આવરે એ કકઇ, મારાં સહલીપર લાવ.

કાવલો—હું લાબ?

ભીમ—(ગગડાતથી) સ્લીપર્સ યુ ફુટ!

કાવલો—(મનસે) લે એ તો વરી ગોધધેલ કરતો આવેલો દેહું. એના બાપદાદા લાહ્યાપરાપરની કાની ઇંગ-લીશ હીખાને મરી ગેએલા ઓહે! (મોટે) ઇફ્રા કઇ હીપર ખુટ નીહ મરે. ઇફ્રા તો એક જોરી હીપરની છે તે મારા હેટની છે.

ભીમ—ખચ્ચીત તેજ, લાવ જઇને.

કાવલો—ગે, તે કેમ કરી લવાએ જે તેની વાત? હેટ મને મારી લાખે.

ભીમ—નહી લવાએ, યુ ડેમ બલારી ધુસ.

[તેને મારવા જાએ છે, પોતે લતરપતર હોવાથી ટપકાઇ જાએ છે; કાવલો બુમ મારતો નાહાસી જાએ છે.]

ભીમ—(કંમર દાબતાં ને કાંસતાં-મનસે) જેટલા નો-કરો રાંન જરી રાખેચ તે બધા જંગલમાંનાં જનાવર જેવા. એનું નખ્ખોદ જાએ, (કમર દાબે છે.) એને માર

. જેવા હોસ્યાર આદમીઓ રાખતાં કોણ જાણે થાએચ સું !

(કાવલો સ્લીપર્સ લાવે છે.)

કાવલો—(મનસે) પીધેલો દેહું, તે એકુ લપરાક લગાવી બેહુ તો હું રાત દીદ એક તો મરવા જેવો થઈ રીએલો તે પુરો થઈ રેહું, તે વાહતે આ હોલીપર લાવી આપેલી. એનું હત્યાનાહ જાએ, હરામીના બે ભાગ !

(આપે છે.)

બીમ—ધેટસ ઈટ, ધેટસ રાઈટ. (સ્લીપર્સ જોઈને) વાહા, નવાં ! ટરકીનો સુલતાન ને ઇરાનનો શાહા પેહેરે તેવાં શોભીતાં સ્લીપર્સ ! વરી જરીએ મારે વાસ્તે એ કયારે ભરયાં ? (પેહેરે છે.) પણ જરા ટાઈટ છે. (કાવલાને) હવે પોરયા તારૂ નામ શું ?

કાવલો—મારૂ નામ કાવલો છે, હાબ. કાવહજી કાનજી બાઠેલા. એ ઓલો ભાઠેનો કાહાનજી કાકા કેની જેનું બાઠે ગામની પાદરે પીઠું છે તેનો હું પોયરો થાંઉ. ઓ રખેલો કેની ?

બીમ-(મનસે) એનું સત્યાનાસ જાએ જેટલા ગામરયા તેટલા બધા કાવલા કે બદલા. એ લોકની માએ મભાઇઓ ને બાપ બપાવાઓને શું બીજાં નામ જરતાંજ નહી હોશે ? (મોટે) અને હવે ત્યારે બદલા—

કાવલો—યે, એમ હું કરતો ઓહે ? મેં કીધેલું ની જે મારૂં નામ બદલો નહી પણ કાવલો છે ?

બીમ—ખોસ ! કાવલો ને બદલો એ તમારામાં હું જુદું સમજતોજ નથી. તમે ગામરયા લોહા—

કાવલો—એ હેટ, મોનું હમાલીને બોલ, અમે કંઇ લોહા બોહા નથી છે. (રીસાઈને જવા કરે છે.)

ભીમ—અરે ચોબ, એ ધામટ, એઈ કકઈ. (મનસે) બીજાજનું ખોરીયું દેખું. બીયા માંહ્ય ને તંગરી ઉંચી. (મોટે) વારૂં ચાલ જા, જઈને મારે વાસ્તે ગોડાંઉનમાથી લેમનની એક સીસી લાવ.

કાવલો—હું?

ભીમ—લેમન યુ એસ, લેમન.

કાવલો—યુ એહ લેમન હું થાએ તે તો આપરે નીહ જાણીએ જો બા. (જવા કરે છે.)

ભીમ—(પોકારીને) ચોબ એ ગધ્ધા, જઈને ગોડાં-ઉનમાથી એક લેમલીટની સીસી લાવ.

કાવલો—હ, લેમલીટ? તીવારે એમ બોહાની; પણ લેમલીટ લાવવાનો તો મારી હેઠાણીનો હુકમ નીહ, બાપા.

ભીમ—એટલે, તારી શેઠાણી કોણ થાએ?

કાવલો—મારા હેટની બઈરી થાએ.

ભીમ—અરે હેમક તે તો હું બી સમજુચ, પણ મારાં ખાવા પીવાપર તેને આંકોશ મેલવાનો હક સું?

કાવલો—હેટાણી તો કહે કે જે હેટ થતો હકકારે રાતે ગેરમાં નીહ આવે તીને કરીને એનું ખાવા પીવાનું હઉ બન કરી લાખવાનું.

ભીમ—(મનસે) રાન મારી જરીએ તો તારે એ હીસાબે ધણાં પર વીખરયાં દેખું: સાબાસ! એ તો વરી મારૂ ખાવાપીવાનું બી બંધ કરી મને કનફાઇન રાખવા નીકરીચ. એ ચીચોરાની મોહાકાન છે! એના બાપના ચી-ચોરાને વાસ્તે હું એની સાથ પણ્યો, ને સત્યાનાસ ગેઈ સાત હજાર રૂપડી સાથે બેતી આવીચ તેથી એમ દબરાવ દબરાવ ને ધુનાવ ધુનાવ કરયા કરેચ, એનો બાપ મરે એનો ધણી મુઇનો! (મોટે) અને ત્યારે તું શું એમ

કેહવા માંગેચ, સોલા, બદલા, કાવલા–તું જે મુવેલો હોય તે–કે મને હમણા ભુખ લાગીચ તેથી તું મારે વાસ્તે સાહજનું વધેલું પુડીંગ કે એવુંજ બીજું કંઇ ખાવાનું બી રાંનણીમાંથી લાવી આપી શકશે નહી ?

કાવલો—નારે, નારે, હેઠાંણીનો હોકમ જો નહી માએનો તો કાવલો બચ્ચો જીવતો મુવો !

ભીમ—(ખીજવાયલો–ખુરસી ઉંચકીને) નીકર, મર મારી સાંમેથી, નહી તો આએ છુટી ખુરસી મારીને ભેજુંજ ફોરી નાખસ. નીકર, ને તારી બાઇને અત્તર ધરી અહી મોકલ. (કાવલો બુમ મારતો નાહસી જાએ છે.) એનું સત્યાનાસ જાએ, શું જમાનો આયોચ? આગલા વખતમાં બઇરીઓ વરથી બીહી ધ્રુજી રેહેતીતી, ને આજે રાનો માટીઓને ધ્રુજાવ ધ્રુજાવ કરેચ ! વરી એવી કીસમનો અફ્સોસ જો દુર કરવા આંગલ ચાર પાંચેક દારૂ પીધો, (પીએ છે.) તો કેહેસે જે એણે તો દારૂ પીધો ! (પીએ છે.) ને એ તો છાકટો છે ! (ઉસ્કેરાયલો) પણ એ હું ખમવાનો નથી. કાંહાં ગેઇ એ રાન જરી, તેની ફેંટ પકરીને પુછું કે બાપ લાખ ચાલીસની કાની એ એટલો બધો મારાપર જુલમ કરેચ તેનું કારણ શું ?

(જતો રેહે છે—કાવલો આવે છે.)

કાવલો—(મનસે) આએ ફારહ કંઇ હમજન નથી પરતો. હેટ હજી આવેલો નીહ તીવારે આ પારહો ઘેરમાં કેમ કરી ધુહી ગીએલો ઓહે ? હેઠાંણી તો બીધેલી કે મુવો છાકટો છે, કરીને પોતાના ઓરડામાં ભરઇ બેઠેલી, ને મને હુઇ મરવા દેતી નથી. કેહેતી દેહુ જે હેટ આવે તાંહા હુધી જાએગા કરજે, તે જાએગા તો કરા રે, પણ બીહક લાગે કે ગીપી આફ્રેહ તો અહી કોઇ જોવાવારૂ નીહ

મલે, ને પોયરાં રરી રેહેવાનાં તો ! (જોઇને) ઓત તારી, પણ ઈફ્રાતો નીહ મલે ? જતો રીહેલો હું ? ચાલો તીવારે તો હઉથી હારૂં. એટલી પંચાતી ઓછી; પણ (દારૂ જોઇને) આએ હું? વાહા, છાંટાપાણી દેહું. (સુંઘે છે) હા, છાંટોજ. (પીએ છે.) બરાબર તેજ. (પીએ છે.) હુરતી ખેવરા કરતાં તો હારો લાગે. (પીએ છે.-ભીમ આવે છે:)

ભીમ—(મનસે) સાબુત પકરાયો ! હું જાણું કે મારો બરગન્ડીનો ઊંચો બ્રાન્ડી બાટલીમાં ને બાટલીમાંથીજ ઇસ્ટીમ થઇને ઉડી જતો હોસે, પણ આએ તો કેહો આએ સતયાનાસ ગીયા ગામરયાની સરેલી હોજરી ને ફુગેલા તલ્લીમાં ઇસ્ટીમ થતો દેખું ! (આગલ જઈને-મોટે) એ કફઇ, એ શું ફારસ ?

કાવલો—(ગભરાઇને) ન—ન—નહી રે હાબ, છે તે—છે—તે છે તે, એ તો છે તે નારે હાબ એ તો લગાર હરકમ થીએલો કેની, (છીકે છે.) તીને કરીને જરા હુંઘી જોતોતો: બીજું કંઈ નહી. જોવોની, પીધેલો તો જરાની નહી. (બતાવે છે.)

ભીમ—(બાટલી હાથમાં લઇ જોઇને–અનકાથી) હેં ? (આંગલથી ભરી જોય છે.) એનું સત્યાનાસ જાએ હું અમના આએ બાટલી મુકી ગીયો ત્યારે તે બરાબર પોણી ઉતી ને એટલા વારમાં એણે ફકત તે સુંઘી સુંઘીને પા કરી નાખી દેખું ! ત્યારે જો એનો ફુંફારો ને સુંઘારો એટલો જોરાવર છે તો એ હસાબે જ્યારે પીતો હોશે ત્યારે તો આખી ડીકાનડર ને ડીકાનડર હાઉ કરી જતો હોશે. (ચીરડાએલો) પણ જોરે એઈ–

કાવલો—અરે આહતે, આહતે, બુમ રખે મારતા.

ભીમ—કાંએ ?

કાવલો--લીમજી હેઠનો બુચો લાગી ઉઠહહે.

ભીમ—અરે જાની તારા લીમજી શેઠના બુચાવારા. તે તારો લીમજી શેઠ જાય જાહનમમાં ને તેનો બુચો જાય ચુલામાં. તે જાગી ઉઠસે તેનું અહીં કોણને? (બાજુએ) તે પોરયાના એવા તે કેવાક કાન હોસે કે હું મારાં ઘેરમાં ગરબર કરશ તો તે પાસેનાં ઘેરમાં જાગી ઉઠસે?

(હસે છે.—બુચો રડે છે.)

કાવલો—એ, હાબએરૂ? મારૂં માનેજ નહીની! મેં કેહેલું કેની કે પોયરો જાગી ઉઠવાનો! (જતો રેહે છે.)

ભીમ—(દબાયલો) ઘણુંજ અજબ જેવું! પાસેના લીમ લસકરીનો પેલો ઓરાંગ ગોટાંગ જેવો દુકતો મારાં ઘેરમાંની મારી ગરબરથી જાગી ઉઠે એ બનેજ કેમ? (પોરયો વધારે રડે છે.) ને તોબી તે પોરયો રરેચ તે તો જાણે આબાદ મારાંજ ઘરમાં, મારા કાનની લગોલગ! (વીચાર કરે છે.) ત્યારે એ હીસાબે મારી જરીના રોજના ધરક ધુજારા ને ધરતીકંપથી કરીને એ બે ઘેરની વચ્ચેની આએ દીવાલ બી ધસી રેહેલી હોવી જોઇએ! ત્યારે ચાલ, ઘેરવારાપર અમના યાદેયાદ લખી વારૂં કે તે કંઈ તાકીદે ઉપાય કરે, નહી તો પેલા જામલી મોહલ્લામાં એક ઘેર ઘોસમોરદું થયું ને બીચારા નજદીક તન દજન કીમતી જીવો કચરઈ મુવા તેમ હું ને મારી જરી રાત અવાર મરી રહીશું તો તે કોટક મારેથી નહી ખમાસે.

(જાય છે.—લીમજી આવે છે.)

લીમ—(એકલો) એનું સતીઆનાસ જાએ એનું આવી કફરતી ઠંડીમાં મોરી રાતે ઘેર આવવું, ને તે બી હાશીશમાં મોરી રાત સુધી વાંકી મુંડીએ ગરદન તોરી બેજાનું દહી કરીને આવવું એના જેવું દુખ બીજું કઇ નહી હોશે. હું ધારૂંચ કે નાજાં તો મારી વાટ જોઇ જોઇને ઉંગઈ બી ગેઇ હોશે, કેમ જે (દગલો કાઢતાં) બાહારની દાદરબારીને

સરેસ્તા પ્રમાણે તારૂં મારેલું છે તે આએ મારી દુપલીકેત કુચીથી ઉઘાડી હું અંદર આયો. (કમકમીને) પણ એ બધું છાકતાઓનું પીઠું હોએ તેમ મારૂં ઘેર આજે દારૂ દારૂ કેમ ગંધાએચ? છી, છી, છી! જાહાં છે તાંહા પેલા પાસેના ગારામાંનો બીમ ભમાતુ અતીઆરે બી તાંસતો હોસે. કોઇ કમબખત સાત ગરગરનો એક ગરગર છે. ખોદા જાણે એ નખોદગીઆનું ગરૂં છે કે ગતર છે. (બેસીને બુટ કાઢે છે.) સારૂં થયું જે કે બેલેનરા શીત કારતાં હારીશના બીચારા જમશુ ચકદોલને જે મુશકેલી પરતીતી તે મારી મદદથી તલી ગઇ. મોરૂં થયું તો થયું પણ હવે બીચારો ગેર જઇને નીરાંતે સુંસે તો ખરો. કમબખત એક વરદીની ભુલ ને તેણે ગબરાત કીધો તારે તો એકરો ને ત્રણ મીડાંનો! એક હજાર રૂપીઆનોજ ગોંતાલો બતાવીઓ! (કપડાં કાઢવા રોકાએ છે.—નાજાં આવે છે.)

નાજાં—(મનસે) મુવો પેલો બીમ ભમાતુ ગીયો હોસે કે હજુર નહી? (લીમને જોઇને) ઓ લેરે, લીમ બી આયા દેખું! તાંટયા તો લટરપટર છે. કોણુ જાણે કાહાં કાહાં ભટકીને આયા હોશે. હું જરા અજાણી થઇ જાઉ, જોઇએ કંઇ પાપ કબુલ કરેચ. (આગલ જઇને) ઓ એટલા જલદી કાહાંથી આયા લીમી!

લીમ—ઓ, તું હજુર જાગેચ કે?

નાજાં—તે જાગું નહી તો શું કરૂં? હજુર તો ઘણું સકારૂ છે.

લીમ—હું કબુલ કરૂંચ, ડીયર, કે આજે મને ઘણું લેટ થયુંચ.

નાજાં—અરે સાનું લેટ જો! હજુર તો પાછલી રાતના તન વાગા હોશે.

લીમ—(હસીને) તન? નાજાં કેમ છે? અરે હજુર તો એક બી વાગવાનો છે. અમનાં હું પાધરો બધી નાટકસાલાઓ આગલ થઇને ચાલયો આંઉંચ તે હજુર તો બધા નાટકો ચાલેચ.

નાજાં—(ટણુકાથી) તે નહી કાંએ ચાલે? મુવા નાટકના કરનારાઓને બી નાખ નથી ને મરી ગીયાં નાટકનાં જોનારાંઓને બી કંઈ અરે નથી. મુવા ઉખરા જેવા બાન-ને બએ તન તન વાગે તાંહાંવેર ઇસ્ટેજપર ઉભા રહીને નાચે નદરે, ને મરી ગીયાં લોકો બગાસાં ખાતાં જાએ ને જોતાં જાએ. ધરેરે! (કટકા મારે છે.)

લીમ—(મનસે) વરી આજે રાનનો મીજાસ ગી-એલો લાગેચ હો? અખારા કરી જવા પરસે. (મોટે) હવે જીગર તું બી અમથો કાંએ કજીઓ વેચાતી લેતી હોશે?

નાજાં—પણ વારૂં ત્યારે લીમ, તમુને આપીસમાંજ લેટ થયું કે?

લીમ—હા જીગર. પેલા જમસુ ચકહોલને બેલેનસ સીટ કારતાં વરદીમાં એક ભુલ આવેલી ને તેણે કરીને અમુ લોકને અત્યારવેર બેસીને પચીસ ચોપરા ઉઠલાવવા પરયા.

નાજાં—(અનકાથી) ને તમે તેને મદદ કરવા રેહયા હોશો! (બાજુએ) કોઇ જબરો નપ્ટ પારસી છે. કોણુ જાણે મોનાપર નાખ છે કે નરયું?

લીમ—હા નાજાં. તેણે મને બોંહોસ કરીને મદદ કરવા થોબારયો.

નાજાં—(અનકાથી) સારૂ કીધું.

લીમ—(મનસે) એનાં મનમાં કંઇ બી છે ખરૂં. હવે સેહેતાન દાબો કરવા જઇને રાતો રાત તો ઘોંટાઇ જવું જોઇસે. (મોટે) ચાલ બા, હું તો થાકીને લુસ થઈ ગીએલો છેઉ, જઇને સુઇ જતે,

નાજા—સુઈ જાશો ? હવે ! હવે સુઇને શું કરશો ? ઓય સરખો દુધવારો આવશે ! એમ બી ને એમ બી હવે તો સહવારનો નાસ્તો કરીનેજ જરા અરેટઈ ઉઠજો ની ?

લીમ—(ગુસ્સાથી) ત્યારે બાઈ સાહેબ તમે આજે મારી કુટીને બી છીટું લેવાનાંજ થયાંચ તો લેઓ.

(જવા કરે છે.)

નાજાં—નહી, નહીં થોઓ લીમજી. વારૂં લીમ. હું એક સવાલ પુછું ?

લીમ—હા, શું વારૂં ?

નાજાં—તમુને ખરયાહોજરી ને કલેજીબુકકા ગમેચ ?

લીમ—ખરયા હોજરી ને કલેજીબુકકા ? હા ગમેચ-તો ખરા, પણ અત્યારે એ તે કેવો સવાલ ?

નાજાં—નહીરે સેહેજ પુછુંચ. મકુંજે છેલ્લા ખરયાહોજરી તમે કાહારે ખાધા હોશે વારૂં ?

લીમ—કાહારે ? (યાદ કરીને) નજદીક તન વરસ થયાં હોશે. કુમારો ઉતો ને ખાધા હોશે તેજ, બાકી તું પનણી આયા પછી તો બેસક એ જાતનું ખાંનું તેં કોઇ દાહારો પકાવ્યુંજ નથી. (બાજુએ) રાંન કંઇ નારયું કે કુંચ એમ બેમ સમજેચ કે શું ?

નાજાં—અને સકીનાનો નાચ કેવો થયો, લીમ ?

લીમ—(અજાએબીથી) સકીનાનો નાચ ?

નાજાં—હા, સકીનાનો નાચ; ને પેલું જરા જરા બોસો આપી દીલજાનીતું ગીત તો તમુને ઘણુંજ ગમ્યું, નહીં વારૂં ?

લીમ—એ રાન આજે તાપની જુસમાં બધું બકી શું મરેચ, કંઈ સમજ પરે ?

નાજાં—કેમ, બધું નામુકકર જવાનો વીચાર કરોચ શું ? પણ હવે છટકાવાનું નથી લીમ. હું બધું જાણુંચ.

લીમ—પણ નવજબાઇજી તમે શું બધું જાણોચ, જરા ખુલાસાથી બોલસશો ?

નાજાં—હું જાણુંચ કે તમે પેલી પાજરાપોર આગલની ધબ્બા કલબમાં તમારા જેવાજ બદમાસ દોસ્તો સાથે આજે મોરી રાત સુધી નજીસ પ્રકારની મોજ શોખમાં રોકાએલા ઉતા. વરી હું જાણુંચ કે તમે છ ધોધા ખાએ તેમ અરધું તપીલું ખરયાહોજરી ને કલેજીબુકકા એખલાએ દબાવી આપ્યાતા.

લીમ—બસ એટલુંજ ? (બાજુએ) રાન જાંહાં છે તાંહા કંઇ સપનો જોઈ ઉઠેલી છે હો.

નાજાં—વરી મને ખબર છે, સાહેબ, કે તાહાં સકીનાનો નાચ ઉતો, ને તમે તે નીચ ઓરતના નજીસ નાચમાં ઘણી મોજ લીધી, કેમકે તેની પાસ પતંગ બી તમેજ ચકાવયું, ને કેરઓ બી તમેજ લેવારયોતો.

લીમ—(હસીને) હજુર કાંઇ બાકી છે કે પુરૂં થયું?

નાજાં—અરે નહી રે, હજુર તો ઘણું છે. વરી મને ખબર છે, લીમજી શેઠ, કે 'જરા જરા બોસ્સો આપી જા દીલજાની'નાં તે રાન સકીનાનાં ગીતમાં તમુને ઘણીજ ઘણીજ મજા પરી. ચાલો બોલો, હવે તમે સું કેહોચ ?

લીમ—હું બાનું ? હું એટલુંજ કેહુંચ કે અમના તો તમે ખોદાએનું નામ લેઈને જઈને ઘોટાઇ જાઓ, ને સહવારે આપરે ડાકટર કારટરને તેરાવી તમારાં માથાંની તપાસ કરાવશું! હવે મને રજા છે ? (જવા કરે છે.)

નાજાં—હા, રેજાજ છે. તમે જે કરશો તે કરવાની તમોને તો રજાજ છે કેની? તમે છાકટા ભાકટા થઇને આખી આખી રાતવેર બાહાર ભટકો તેની બી તમોને તો રજાજ છે?

લીમ—(ભીજાજથી) બાઇસાહેબ, મેં દારૂનું એક ટીંપુ બી આજે રાતે હોઠપર મુક્યું નથી?

નાજાં—એક ટીપું હોઠપર તો ખચીત નહી, પણ આખી બાટલીની બાટલીઓ પેટમાં તો ખરીજ. પણ (જુસ્સાથી) એ હું ખમવાની નથી લીમ. તમારા માથાંના બાજનારા મારા બી સગાવાહલાઓ છે. હું મારે કાલ ને કાલ મારાં માએને ઘેર જતી રેહેવાની છેઉં, ને તમુને તમારી આએ શરમભરેલી ચાલને વાસ્તે પુછી લેવારસ તોજ હું ખરી. (ઘણા ગુસ્સામાં જતી રેહે છે.)

લીમ—(એખલો-ઘણી અજાએબીમાં) રાન ખરેખર કોણ જાણે સપનો જોઇ ઉઠીચ કે ખુદા જાણે છાકટી થઇચ. કંઇ સમજ નથી પરતું કે એ શું ધાર ધધરીચ.

(બાજુ થાએ છે ને ભીમ આવે છે.—તે અરધી ઉઘરેતી હાલ—તે પેહેડી સુવાનાં કપરાંમાં છે. કપડાં ઘણાં મોટાં પડે છે.)

ભીમ—(મનસે) કોઈ રાંન જબરી બેજાંની ફેરાવન મારી જરી છે. સુવાના ઓદડામાં બી બધું ફરનીચર અછારપછાર ને ફેરફાર કરી મુકેલું છે. જાહાં ધોલ્યો ઉતો તાંહા કબટ મુકેલી છે, ને કબટ ઉતી ત્યાં ધોલ્યો મુકીને વરી પાણીનાં માટલાંની આનની ધોલ્યાના દાબા હાથપર લેઇ ગેઈચ! (હસે છે.) પાંચ સાત દાહારા થાએચ કે ફરનીચર ફેરફાર કરવાની ને કરવાની. (હસે છે.) વરી એનું સત્યાનાસ જાએ, હું જાણું કે માણુસોજ ઉમરે વધતાં હોશે, પણ કેહાં આપરાં પેહેરવાનાં કંપરા બી આપસો આપ વધતાં દેખું! હું મારા એહેસલી બાવાના સમ-

ખાફીને કેહવસ કે ગેઈ રાતે આએ બદલી સુવાનો મારો સદરો લેગો મારાં આંગમાં બીલકુલ બરાબર બેસતો આવતોતો, અને આજે? એનું નખ્ખોદ જાએ, સદરો છે કે જામો? આએ લેગો છે કે કચરો કારવાની જારૂ? ને આએ ટોપી છે કે ચોખા ભરવાની પાયલી? (હસે છે. -લીમને જોય છે.) પણ એ આએ કાકા કોણ? એ અત્યારે અહી કાંહાથી ભુલો પરયોચ? (બરાબર જોઈને.) ઓ એ તો પેલો પાસેનો લીમ લસકરી છે. અહીં ઉઘંના જોકાપર જોકા આવેચ ને પાછલી રાત થઇ થઈ ત્યારે રહી રહીને એને પારકાં ઘેરમાં આવતાં શરમ નહી આવતી હોશે? હં: જાણે બાવાના બાગમાં આયો હોએ તેમ વરી દગલું પાઘરૂં સઉ કારી નાખયું દેખું! પણ એ બધો રાન પેલી મારી જરીનો વાંક છે. (ચોરડાય છે.)

લીમ—(તેને જોઈને-મનસે) એ આએ કોણ? કોઇ જામા પીછોરી પર છે. કોઇ કંઈ તફ્રરમચીમ યજમદે કરવા ભુલો પરેલો જણાએચ. (જોઈને) અરે એ તો પેલો પાસેનો છોકટો ભીમ ભમાતુ છે! એ અત્યારે અહી શું ધક્કેલા ખાતો હોશે?

ભીમ—(મનસે) પણ એ ચાલી ચલાવીને અહીં વેર આયો ત્યારે એને આવે આવતારે મલસું તો ગોજું લાગશે. હવે તો પાંછાં કપરાં બદલી આવવાં જોઇએ, ખોદાએ જાણે રાન જરી કેમ હજુર અહી ફ્રટકતી નથી?

(સુવાના ઓરડા તરફ્ર જાએ છે.)

લીમ—(મનસે) પીધેલો ધુણ છે હો? પગ તો જાંણે ઘેરયા રમેચ. પણ એ સત્યાનાસ ગીયો મારા સુવાના ઓરડા તરફ્ર કાંહા ચાલ્યો? (આગલ જઈને) એ કાકા, એ શેઠ, મી૦ ભીમજીભઈ—

ભીમ—(તેના તરફ જોયા વગર) કંઈ નહી, કંઈ નહી, મી૦ લીમજી, તમે ઓશકાઓ ના, તમે બેસો–ઘેર તમારૂંજ છે. હું અમના કપરાં બદલીને આયો—

લીમ—(અજાએબીથી) કપરાં બદલે? (આગલ જઈને) મી૦ ભીમજી એ ઓરડામાં નહી જવાશે, તમારાં કપરાં અહીં નથી.

ભીમ—(અજાએબીથી) અહી નથી? અહી નહીં જવાશે? (હસી પડે છે.) સત્યાનાસ ગીયો કેઠો ધુમ પીધેલો છે હો. મારાં કપરાંની વાત એ જાણે કે હું જાણું? (હસે છે.) કંઇ નહી. તમે બેસો; મી૦ લીમજી,–હું હમણા આયો.

લીમ—(ગુસ્સાથી)પણ તમોને ના કહ્યું કેની કે તમારેથી એ ઓરડામાં નહી જવાસે!

ભીમ—પણ તેનું કંઈ કારણ!

લીમ—(ગુસ્સાથી) કારણ કે એ ખાનગી ઓરડો છે. એક ધણી ધણીયાંણીનો બેડરૂમ છે.

ભીમ—(મનસે) હવે આએ કાતરયાંના ધસેલા ને નરયાંના ખસેલા પારસીને કોઇ પુછે કે આએ મારા ને મારી બઈરીના બેડરૂમમાં હું નહી જઈ શકું તેનું કારણ શું? હં: જાણે એના બાપનો કોડદો ફ્રેચ. કાલ ઉઠીને તો એ કેહેશે કે તમે તમારાં ઘેરમાં દાખલજ ના થાઓ ને રસ્તાપર સુવો, ઇસટુપીડ એસ. (પાછો ત્યાંજ જવા કરે છે.)

લીમ—(તેને રોકીને) કેમ તમે મારી નાએ નથી સમજવાના, મી૦ ભીમજી?

ભીમ—(ચીરડઇને) લે ચાલો મી૦ ભીમજી, એ જાતની મસકેરી સેવકને પસંદ નથી. તાંહા બેસો, હું આઉંગ. (જવા કરે છે.)

લીમ—(મનસે) હવે આએ ઘેલાં ઘરણને કોણ સમજાવે ? રાન નાજાં બાજાં અંદર હોશે તો બીહીશે. એ અહી આવીજ કેમ શકયો ! (મોટે) શેઠ હું જોઉંચ કે તમારૂં ઠેકાણું નથી. મારી તમોને ભલામન છે કે તમે જઈને સુઈ જાઓ.

ભીમ—ઠેંક યુ ફાર ધી એડવાઇસ; પણ સાહેબ, મને પુછવાની રજા છે કે એક માણુસ પોતાના સુવાના ઓરડામાં જઈ શકયા વગર પોતાના બીછાના ઉપર સુઇ કેમ શકે ? મી૦ લીમજી, હવે મારી તમોને ભલામણ છે કે તમે જઇને સુઇ જાઓ, કેમકે રાત ઘણી ગુજરીચ.

લીમ—તમે આયા ત્યારે હું તો સુવા જવાનીજ તૈયારીમાં ઉતો.

ભીમ—ને તમે આયા ત્યારે હું બી સુવાનીજ તૈયારીમાં ઉતો. (બેઉ હસે છે.)

લીમ—ત્યારે હું તમોને રોકવા માંગતો નથી.

ભીમ—ને હું તમોને ખોટી કરવા માંગતો નથી.

લીમ—ગુડ નાઇટ, ત્યારે તો મી૦ ભીમજી. (બાજુએ) વાહા તાહારાં પાણીએ કાસર પટેચ.

ભીમ—ગુડનાઈટ, મી૦ લીમજી. (બાજુએ) પીરા આપસો આપ જાએચ એ સારૂં છે હો.

[બેઉ સેકહેન્ડ કરે છે ને તેજ બારણાં ભણી જાએ છે.]

લીમ—એ વરી તાંહા કાહાં ચાલ્યો ? (મોટે-તેને રોકીને) મી૦ ભીમજી તમારો રસ્તો તો એણીગમ.

ભીમ—લે જો એ નરમ ધી જેવી વાત લાગેચ તે. હું જઇને દાદરપર સુવું ને એનાના મારા બેડરૂમમાં જઇને પલંગપર પોહેરે ! (મોટે) મી૦ લીમજી એ રસ્તે તો દાદરપર જવાએચ. તમે કોઇ જબરા ઠોલયા છેઓ હં. (હસે છે.) પણ જાઓચ કે ?

લીમ—હું તો જવા તયાર છેઉં. તમો સાંભો મને રોકોચ ?

ભીમ—ત્યારે હું બી તૈયાર છેઉ. ગુડનાઈટ મી૦લીમજી.

લીમ—ગુડનાઇટ મી૦ ભીમજી.

(બેઉ સેકહેન્ડ કરે છે, બેઉ ફરે છે, ને બેઉ તેજ બારણાં ભણી જાએ છે.)

ભીમ—પણ વરી એ તાંહા કાહાં ચાલ્યો ?

લીમ—કાંએ, સુવા જાઉ કેની ?

ભીમ—હા, પણ એ તો મારો બેડરૂમ છે. (બાજુએ) સત્યાનાસ ગીયો કેટલો પીધેલો છે, બધી ફરેકાર વાસ વાસ આવેચ.

લીમ—તમારો બેડરૂમ ? છટ. એ તો મારો બેડરૂમ છે. (બાજુએ) નખ્ખોદગીયાનું મોનું ગટરની કાની દારૂ દારૂ ગંધાએચ. (મોટે) મી૦ ભીમજીભઇ હવે તમે અતેરૂં કરોચ હું કેહુંચ કે તમોને અહીથી જવું પરશે.

ભીમ—(ખીજવાયલો) ને હું કેહુંચ કે તમોને જવું પરશે.

લીમ—(પગ થોકીને) મી૦ ભીમજીભઇ-

ભીમ—(પગ થોકીને) મી૦ લીમજીભઇ-

લીમ—આવી ચાલ પીધેલો હોએ તેજ ચલાવી શકે.

ભીમ— હું ખુશી છેઉં કે ત્યારે એમ તમે અંતે ખરી બીના શું છે તે પારખી શકોચ. (ઠંડો પડીને) ત્યારે તો ગુડનાઇટ મી૦ લીમજી.

લીમ-ગુડનાઈટ મી૦ ભીમજી. (શેકહેન્ડ કરીને બાજુએ) સત્યાનાસગીયો તો ખસતો બી નથી.

ભીમ—નખ્ખોદગીયો હીલતો બી નથી. (પોકારીને) મક્કુ જે ગુડનાઇટ મી૦ લીમજીભાઈ.

લીમ—(પોકારીને) હા મકુંજે ગુડનાઈટ મી૦ ભીમજીભાઈ. (બાજુએ) એ પાણીએ કંઈ વાલ બાલ ચરે નહી. સહવારૂ થવા આયું તોબી એ તો ગુડનાઇટ કરેચ ને ગાંચીના બેલની કાની જાહાનો તાંહાજ છે! હવે તો કંઇ પોલીસની મદદ બદદ બોલાવીને એ છોકટાને અહીથી હાંકી કારવા વગર છુટક નથી· (ઉતાવલમાં જાએ છે.)

ભામ–(મનસે) પણ હવે ત્યારે કરવું કેમ? એ છોકટો કંઇ જેમ તેમ અહીંથી જવાનો નથી ત્યારે નહી તો પોલીસની મદદ–(જોઈને) અરે પણ કાહાં ગીયો? ત્યારે અંતે ગીયો ખરો? ચાલ, પાપ ગીયું. એની સહવારના ખબર લેઈશું, ને એની સાથેજ રાન જરીની બી ખબર લેઈશું. તે ધણી મુઇ મારાથી હવે બીહેચ કે શું તે અહી મારાં આયા પછીની દેખાઇજ નથી, પણ સીધીભઇ ચાન દેખો તો બાબા આપ સે આપ નજર આએગા. ચાલો અમના તો જઈને ઘોટાંઈ જતે. (બેડ રૂમમાં જાએ છે.–લીમ આવે છે.)

લીમ—કાવલો રખરી રવરીને પાછો આયો કે સોધયો સીપાઇ નથી મલતો. જુલમ થયો કેની? (જોઈને) અરે પણ કાહાં ગીયો? હો, ગીયો દેખું. ચાલો ત્યારે પાપ ગીયું. પણ હવે જરા પેલી રાન એબલગામણી નાજાંને પુછું તો ખરે કે એવા એક છોકટા બદમાસને એવી મોરી રાતે મારાં ઘેરમાં તેરવાનું કારણ શું? (જવા કરે છે–નાજાં આવે છે.–તેને મીજાજથી) બાઇ સાહેબ ફરીથી તમે કોઈ છોકટાઓને મારી રજા વગર મારાં ઘેરમાં તેરશો ત્યારે અમે તમુને તે વાસ્તે પુછી લેઈશું.

(ગુસ્સાથી ખસી જાએ છે.)

નાજાં—ને શેઠ સાહેબ, ફરીથી તમે કોઇ છોકટા બાગટાઓને મોરી રાતે કલબમાંથી સાથે ઘેર લેતા આવશો ત્યારે અમે તમુને પુછી શકશું.

(ગુસ્સાથી ખસી જાએ છે.)

લીમ—(મીજાજથી) હું કોઇને મોરી રાતે મારી સાથે ઘેર લાયોજ નથી.

નાજાં—(ટણુકાથી) ને મેં કોઇને મોરી રાતે ઘેરમાં તેરયાજ નથી.

લીમ—કાંએ, ત્યારે પેલો પાસેનો છોકરો ભીમ ભમાતુ આવી મોરી રાતે આપરાં ઘેરમો કાંહાથી આવી લાગો ?

નાજાં—હા, ગરે પરો ગરે ! પોતે સાથે લાયા ને હવે જ્યારે ફસી ગીયા ત્યારે બચારી ગરીબરી બઇરીને ગરે પરતાં શરમ નહી આવતી ? (રડીને) મરે એવો બી કંઇ જુલમ હોએ ? મારી સાથે તમે એવું કરવા પન્યા કે ? તમે પન્યા ત્યારે તમારૂં એજ મોનું ઉતું કે ? પણ કંઈ નહી—હું મારે સહવારને સહવાર મારી માએને ઘેર જતી રેહેવશ.

(ઘણા ગુસ્સાથી જયાં ભીમ ગયલો છે તેજ સુવાના ઓરડામાં જતી રહે છે, અને બારણું બંધ કરે છે.)

લીમ—(ગભરાયલો) એઇ, નાજાં, સીટ સીટ ! બારણું ઉંઘાર. (અંદરથી ચીચારીયો આવે છે) બાપરે, રાન કંઈ જીવપર કરેચ કે શું ? (ધ્રુજે છે.–જોસથી બારણું ઉંઘાડી નાજાં બાહાર આવે છે, પછવાડે ભીમ ઉઘાડે પગે ને ઉંઘાડે માથે ઉંઘમાંથી જાગી ઉઠયો હોએ તેમ આવે છે.)

નાજાં—(લીમને ધસડીને) અરે બેશરમ, આએ પરાયો માતીડો ઉતો તે છતાં મને એ ઓરડામાં જવા દેતાં તુંને શરમ નહી આવી ?

ભીમ—(તેને પોતાની બાજુએ ધસડીને) ઉલ્લું તારી તાકાત નહી કે મારા બેડરૂમમાં તારી આએ ચામાચેન જેવી બઇરીને મોકલીને મારી ઉંઘમાં ડીસટર્બ કરે ?

નાજાં- (તેને ધસડીને) મને હમણા ને હમણા મારી આબરૂનો જવાબ આપ.

ભીમ—(તેને ધસડીને) અતર ધરી મારી ઉંધ જવાની દેમેજીસ ભરી આપ.

નાજાં—(ધમકો મારીને) શરમ છે.

(રીસઇ જાએ છે.)

ભીમ—(ધકેલો મારીને) લેઆનત છે.

(રીસઈ જાએ છે.)

ભીમ—(ઘણોજ દબાએલો) એ આએ શું હપતે ખાન! ખોદાં જાણે મારાં ઘેરમાં કંઇ ખરેખરૂં આજે ભુતખાનુ ઉલટયુંચ કે હું કંઈ સપનો બપનો જોઉંચ? (આંખ ચોલે છે.) ગધ્ધઈ વૈતરૂં કરીને હું મારે પાધરો આફીસથી ઘેર ચાલ્યો આયો, તો મારી બઇરી કંઈ તહરેવાર ગરે પરેચ, ને રહયો સહયો આએ છાકટો પરેસી તો નખ્ખોદ ગીયો આખું મારૂં ઘેરબાર ને બૈરી છોકરાંજ ગરે પરવા બેઠોચ!

(કાવલો આવે છે.)

કાવલો—બાઇ હાબ એ પાહેના ભીમજી હેટનાં જરબાઇની આયા આવેલી છે.

ભીમ—(બીહીયેલો) ભીમજી શેઠનાં જરબાઈની આયા? (ગભરાઇને) ભીમજી શેઠ તો હું ને જરબાઇ તો મારી આયા—અરે આયા તો મારી જરબાઇ, અરે નહી રે સબુર કરો—હું ગભરઇ ગીયોચ, મારી આયા તે મારી બઇરી; અરે છટ.—

નાજાં—ને તે આયા શું કેહેચ?

કાવલો—તે તો હાબ કેહેતી છે કે તેની બાઈ કેવરાવેકે મેં ભીમજી હેટને બારીએથી અરધો કલાક થયો તમારાં ઘેરમાં આવતાં દીઠેલા મૈ હજી પાછા કેમ નીહ ફ્રેલા?

ભીમ—(ગભરાયલો) હેં, એ શું મોહકાન! ત્યારે, શું હું ખરેખર મારાં પોતાનાં ઘેરમાં નથી !

લીમ—ખચ્ચીતજ નહી. એ તો મારૂં ઘેર છે ને આએ તો મારી બઇરી છે.

ભીમ—(ઉસ્કેરાયલો) અરે બાપુ તારી બઇરીને કાહાં દાર દોધીમાં નાખવાની છે? કોણ કમબખત તારી બઈરી ગરે પરેચ જે તું બી અમથો ગરે પરવા આયોચ ? પણ સબર કરો, હવે મને એક વીચાર આવેચ. મી૦ લીમજી, તમારી પાસે તમારી કંઈ દુપલીકેટ કુંચી છે વારૂં ? જરા તે મને જોવા દેઓ તો.

લીમ—(આપે છે) આએ રહી. બેલાશક જોવો.

ભીમ—(બે કુંચી સરખાવીને) અરરર અવાખશે પશેમાન! અવાખશે પસેમાન ! હવે ત્યારે મને બધું સમજ પરેચ. લીમજી શેઠ એ બધી બબાની મોહકાન છે. હુ જ્યારે રાતે આજે પેસુ લાંબા સાથે કલબમાથી ઘેર આયો—

નાજાં—(ભીમને) પેસુ લાંબા સાથે ? ત્યારે શું મારા લીમ તમારી સાથ કલબમાં નહી ઉતા ?

ભીમ—લીમ ? નાનસનસ, એવણ કંઇ અમારી પાંજરાપોર આગલની ધબબા કલબના મેમબર નથી.

લીમ—નાજાં, હું તુને કસમપર કેહુંચ કે મને મોરી રાત સુધી કલબે કલબ ભટકયા કરવાનો ધીકકાર છે, અને તેથી મને જ્યારે બી લેટ થએચ ત્યારે હું આવીને તુંને જે કારણો આપુંચ તે ખરાંજ કારણ આપુંચ. આ-જે બી મેં કહયું તેમ મને આારીસમાંજ લેટ થયુંતું

નાજાં—તારે તો મરેરે હું બલી ! મારા લીમ ત્યારે મેં તો તમુંને ઘણોજ ગેરઈનસાફ કીધોચ. તમે મને માફ કરશો કે મારા ધણી !

લીમ—દીલોજાનથી. પણ તે વીશે આપરે પછી ધીરજથી વાત કરશું. હાલ તો મી૰ ભીમજીભાઈ આપરાં ઘેરમાં કેમ આવવા પામ્યા તે ખોલાસો આપરે સાંભરીએ. (ભીમને) પછી મી૰ ભીમજીભઇ, તમે પેસુ લાંબા સાથે કલબમાંથી ઘેર આયા ત્યારે શું થયું ?

ભીમ—(વચ્ચે ઉભો રહીને) ત્યારે એમ થયું મી૰ અને મીસીસ લીમજીભાઇ કે તમારો સેવક જરા છાંટાંપાણીના બાહારમાં ઉતો, ને તેવામાં હું મારાં ઘેરનો ગારો ચુકયો. હવે જેમ તમારી દાદરબારી છે તેમજ પાસેના ગારામાંનાં મારાં ઘેરમાં મારા મારને બી દાદરબારી છે, ને તેને બી તમારીજ કાની બાહેરથી તારૂં મારવાનો અમારો સરેસતો છે, જેથી સેવક ધકમાંને ધકમાં તાંહાં જવાને બદલે એહી ધુસી આવવા પામયો. (બધાં હસે છે) પણ એ મારી ગફૂલતને વાસ્તે હું દીલોજાનથી શરમા ઉંચ ને માફ માંગુંચ. (એઉને પગે લાગે છે.)

લીમ—ત્યારે તો મી૰ ભીમજીભાઈ, એ રીતે ચોરની કાની ઘેરમાં દાખલ થવાનો તમારો તેમજ મારો જે સરેસ્તો છે તે ઘણો ભુલ ભરેલો છે એમ આપુને આજે એક લેસન મલયું. (હસે છે)

ભીમ—ખચ્ચીત; અને તેથી આજથી આપરે દુપલીકેટ કુંચીઓના ઉપયોગનો અટકાવ કરશું. વરી અરધી અરધી રાત સુધી કલબે કલબ ભટકનારા મારા જેવા બમાનુ ભરથારોને બી આએ આજે મારો જે ફારસ ફેસતો હુરયો ને હસી થઇ તેથી ઘણું શીખવાનું મલશે, એટલુંજ કહી (તમાસગીરોને) હું છેઉં, બાંનુઓ ને ગ્રહસ્થો, તમારા નમનતાઈ ભરેલો,

"ભુલો પડેલો ભીમભાઈ."

[નમે છે.—ડ્રાપ ઉતરે છે.]

સમાપ્ત.

જાહેર ખબરો.

"ફુરસદ."

વાંચવાજોગ વારતાઓ, નસીહતો, નાટકો,
[illegible] અને અનેક વીવીધ વીશયોથી ભરપુર મોટા
[illegible] ગજાનું ગુજરાતી માસીક.

નવું વરસ માસ જાનેવારીથી
શરૂ થાય છે.

વારસીક લવાજમ દેશાવરવાલાં ગ્રાહકો
પાસેથી જેમ રૂ૦ રાા ટપાલ સીકે ઉઘરાવવામાં
આવે છે તેમજ મુંબઈવાલા ગ્રાહકો પાસેથી બી
લેવું ઠરાવ્યું છે.

૬૧, ફોઅર રોડ: કોટ. **બ૦ ન૦ કાબરાજી,**
માલેક અને અધીપતી.

મી૦ બહેમનજી નવરોજજી કાબરાજી-
નાં રચેલાં વારતાઓ, નાટકો વીગેરેના પુસ્તકો
કુટુંબોમાં તમામ વીશ્વાસથી વાંચવા આપવાજોગ
હદ સુધી નીતીમાન અને નીશકલંક, તેમજ ફરી
ફરીને વાંચવાની લાલચ થાય એટલી હદ સુધી ર-
સીલી એક અવાજે સીદ્ધ થઈ ચુક્યાં છે, ને તેનાં
હજારો વાંચનારાઓ વચ્ચે તેની પસંદગી વીશે બે
મત છેજ નહીં.

આ પુસ્તકોની ટીપ [illegible] છે:-

૧ "દલજંગ દલેર." (ના[illegible] કીંમત રૂ૦

૨ "ધીરજનું મંન" (નાટક)—કીંમત રૂ૦ ૧।

૩ "એક પુ[illegible]—રૂ૦ ૧।।.

૪ "[illegible]"—ભાગ ૧ લો, કીંમત રૂ૦ ૧।।

[illegible] ભાગ ૨ જો. ,, [illegible]કીંમત રૂ૦ ૧।।.

[illegible] ભાગ ૩ જો. ,, [illegible]કીંમત રૂ૦ ૧।।.

[illegible] ,, ભાગ ૪ થો. ,, —કીંમત રૂ૦ ૧।।.

૮ "કાચા કાનની ખરાબી" (નાટક)- રૂ૦ ૦।।.

૯ "ગાભરેની ગોરી." (નાટક)—કીંમત રૂ૦ ૦।।.

૧૦ "વહ્રા પર જહ્રા." (નાટક)—કીંમત રૂ૦ ૦।।.

૧૧ "સુખલાલજીનાં સંકટો" (હાસ્ય)—કીંમત રૂ૦ ૦।.

૧૨ "એહેલ બેહેલાકાકા." (હાસ્ય).—કીંમત રૂ૦ ૦।.

૧૩ ભુલા પડેલા ભીમભાઈ. (હાસ્ય) કીંમત રૂ૦ [illegible]

૧૪ "ખુદાદ પરીચેહેર." નાટકનાં ગાયનો—રૂ૦ ૦)[illegible]

૧૫ "જુગાર". નાટકનાં ગા[illegible] કીંમત રૂ૦ ૦)[illegible]